### ભયાનક અકસ્માતના CCTV ફૂટેજ વાયરલ થતા લોકોના કાળજા કંપી ઉઠ્યા

# પાણીગેટમાં રફતારનો કહર : યુવકનું મોત

**આસપાસ** વધુ લોકો હાજર હોત તો મોટી જાનહાનિ સર્જાઇ શકતી હતી






(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં તેજ રફતાર વધુ એક યુવક માટે મોતનું કારણ બની છે. ઓવર સ્પીડમાં બાઈક ચલાવતો 19 વર્ષીય યુવક સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી બેઠો અને ખાનગી પેટ્રોલપંપ પર આવેલા હવા ભરવાના મશીન સાથે ધડાકાભેર ભટકાતા સેકંડોમાં જ તેનું પ્રાણ પંખેરુ ઉડી ગયું. આ ભયાનક અકસ્માતના CCTV ફૂટેજ વાયરલ થતા લોકોના કાળજા કંપી ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વડોદરાના કલાલી ગામના ચાણક્યનગરીમાં રહેતો આદિત્યકુમાર રાજેન્દ્રભાઈ પરમાર (ઉ.વ. 19) કેમેરા લગાવવાનું કામ કરતો હતો. ગત 21 ફેબ્રુઆરીના બપોરના સમયે તે મહાવીર ચાર રસ્તાથી પાણીગેટ તરફ પોતાની બાઈક પર જઈ રહ્યો હતો.

દુધેશ્વર સોસાયટી સામે આવેલા ખાનગી પેટ્રોલપંપ નજીક પહોંચતા તેની બાઈક અત્યંત તેજ ગતિમાં હોવાથી સ્ટેરીંગ પરનો કાબુ છૂટી ગયો હતો.

ઓવર સ્પીડમાં આવેલી બાઈક સીધી પેટ્રોલપંપ બહાર આવેલા હવા ભરવાના મશીન સાથે ધડાકાભેર ભટકાઈ, જેના કારણે બાઈકના કુરચે-કુરચા ઉડી ગયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે સ્થળ પર હાજર લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ગંભીર ઈજાઓના કારણે સારવાર દરમિયાન જ તેનું મોત નીપજ્યું હતું. વાયરલ થયેલા CCTV ફૂટેજમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે યુવક કદાચ પેટ્રોલ ભરાવવા પંપ તરફ વળી રહ્યો હતો, પરંતુ ઓવર સ્પીડને કારણે બાઈક પર નિયંત્રણ રાખી શક્યો નહોતો. સદનસીબે અકસ્માત સમયે નજીક ઊભેલી એક મહિલાનો આબાદ બચાવ થયો હતો.

જો આસપાસ વધુ લોકો હાજર હોત તો મોટી જાનહાનિ સર્જાઈ શકતી હતી.આ અકસ્માત બાદ યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ બાદ પરિવારને સોંપવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાને લઈને પાણીગેટ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ઝડપ એક ક્ષણમાં આખું જીવન ખતમ કરી શકે છે. શહેરમાં વધતા ઓવર સ્પીડ અકસ્માતો સામે સચેત થવાની તાતી જરૂરિયાત છે.

### તંત્ર ગયું પણ ટ્રાફિક રહી ગયો

# જૂની કલેક્ટર કચેરી પાસે કાયમી જામથી વાહનચાલકો ત્રાહિમામ

**કલેક્ટર કચેરીનું** સરનામું બદલાયું પણ જનતાની હાલાકીનું નસીબ ન બદલાયું



(પ્રતિનિધિ), વડોદરા. તા.25

કલેક્ટર કચેરીનું નવા સુસજ્જ ભવનમાં સ્થળાંતર થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં, જૂની કલેક્ટર કચેરી પાસેની ટ્રાફિક જામની જટિલ સમસ્યા ઉકેલાવાનું નામ નથી લઈ રહી. વહીવટી કામકાજ અન્યત્ર ખસેડાયું હોવા છતાં આ વિસ્તારમાં વાહનોની અવરજવર અને અવ્યવસ્થિત પાર્કિંગને કારણે સામાન્ય નાગરિકો આજે પણ હાલાકી ભોગવી રહ્યા છે. કચેરી ખસી ગઈ છે, પરંતુ તેની આસપાસના ખાણી-પીણીના લારી-ગલ્લા અને રોડ પર થતું આડેધડ પાર્કિંગ ટ્રાફિક જામનું મુખ્ય કારણ બની રહ્યું છે. આજ આ ટ્રાફિકમાં એક એમ્બ્યુલન્સ પણ ફસાઈ હતી.

શહેરના મધ્યમાં આવેલી આ જગ્યા સાંકડા રસ્તાઓથી ઘેરાયેલી છે. પીક અવર્સ (સવાર અને સાંજ) દરમિયાન અહીંથી પસાર થવું વાહનચાલકો માટે માથાના દુખાવા સમાન બની જાય છે. તંત્ર દ્વારા કચેરી ખસેડતી વખતે આ વિસ્તારના ટ્રાફિકનું યોગ્ય આયોજન કરવામાં ન આવ્યું હોવાથી પરિસ્થિતિ જસની તસ છે. રાહદારીઓ જણાવી રહ્યા છે કે કચેરીના સ્થળાંતરથી અમને આશા હતી કે ટ્રાફિકમાં રાહત મળશે, પરંતુ પરિસ્થિતિ વધુ વણસી છે. તંત્ર દ્વારા અહીં ટ્રાફિક પોલીસ પોઈન્ટ મૂકવામાં આવે અથવા દબાણો દૂર કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

### ગોરવા પોલીસે ગણતરીના કલાકોમાં બંને આરોપીની ધરપકડ કરી લીધી

# પુત્રની સામે પિતાની હત્યાં કરનાર બે શખસના ચાર દિવસના રિમાન્ડ

(પ્રતિનિધિ) વડોદરા તા.25



વડોદરાના ગોરવા ગામના ગેટ પાસેથી બે સંતાનના પિતા પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન એકટીવા પર આવેલા બે શખ્સે નાના સરખી તકરારની અદાવત રાખી ફરી તેમની સાથે ઝઘડો શરૂ કર્યો હતો.પુત્રની નજર સામે એકટીવા સવાર બે શખ્સે લાકડીના માથામાં 3 ફટકા મારીને પિતાને ઘટના સ્થળ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા.વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા બાપુનગરમાં રહેતા આરીફ ઘાંચી તેના પિતા અમીજી ઉર્ફે અબ્દુલ ઘાંચી 23 ફેબ્રુઆરીના રોજ રાત્રીના સાડા દસેક વાગ્યાના અરસામાં ગોરવા ગામના ચોકમાં ઘર બાજુ ગયા હતા. ત્યારે ગોરવા ગામના મેઈન રોડ બાજુના ગેટ તરફ જતા હતા અને ગોરવા ગામના ગેટ પાસે પહોચતા બે શખ્સ એક્ટીવા લઈને ધસી આવ્યા હતા અને અમીજી ઘાંચી સાથે ઝઘડો કરતા હતા. દરમીયાન તેમનો પુત્ર જોઈ જતાં ગોરવા ગામના ગેટ તરફ દોડીને આવી રહ્યો હતો. પુત્રે થોડેક દૂર થી જોયું તો તેમના પિતા સાથે સંદિપ વાઘેલા (રહે-મધુનગર સોસાયટી, શાહઝહા ગ્રાઉન્ડની સામે, મધુનગર, વડોદરા) તથા સોહિલ રાણા (રહે- નાગજી બાપુનુ પીડાની બાજુમાં આવેલ મકાનમાં, વડોદરા) ઝપાઝપી કરી રહ્યા હતા. દરમિયાન તેઓએ કોઈ હથિયાર કાઢી અમિજી ઘાંચીના માથાના ભાગે બે ત્રણ ઘા મારી દીધા હતા.

જેથી યુવકનાં પીતા લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડ્યા હતા અને બેભાન થઈ ગયા હતા. પુત્ર આરિફને આવતો જોઈ હુમલાખોર સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. જેથી પુત્રે તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવી લીધી હતી અને ઈજાગ્રસ્ત પિતાને ગોત્રી હોસ્પિટલ લઈ ગયો હતો. ત્યારે હોસ્પીટલમાં હાજર તબીબ દ્વારા તેના પિતાને મરણ જાહેર કર્યા હતા. જેથી આરીફ ઘાંચીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે હત્યા કરનાર બે આરોપી સોહિલ રાણાની અને સંદીપ વાઘેલાની ધરપકડ કરી હતી. ત્યારે ગોરવા પોલીસે વધુ પૂછપરછ કરવા માટે બંને ને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીઓ ના 4 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે.

### રસ્તા વચ્ચે મોતના ઢગલા ખડકાયા

# તંત્રની બેદરકારી, ડ્રેનેજ સાફ કરી પણ માટી ખસેડવાનું ભૂલી ગયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસા પૂર્વેની 'પ્રી-મોન્સૂન' કામગીરીના નામે કરોડો રૂપિયાના ધુમાડા શરૂ થઈ ગયા છે. પરંતુ, જમીની હકીકત એ છે કે આ કામગીરી પ્રજાની સુવિધા માટે ઓછી અને કોન્ટ્રાક્ટરો તેમજ મળતિયાઓના ખિસ્સા ભરવા માટે વધુ હોય તેમ લાગી રહ્યું છે. પાલિકા દ્વારા વરસાદી ડ્રેનેજ લાઈનો સાફ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, જે આવકાર્ય છે. પરંતુ આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે, ગટરોમાંથી જે કાદવ-કીચડ અને માટી કાઢવામાં આવે છે, તેને તુરંત ખસેડવાને બદલે રસ્તાની વચ્ચે જ 'લાવારિસ' છોડી દેવામાં આવે છે. કોન્ટ્રાક્ટ મુજબ કાઢેલી માટીને તાત્કાલિક ડમ્પર ભરીને નિકાલ કરવાની હોય છે. તેના બદલે આ માટીના ઢગલા રસ્તા પર મૂકી રાખીને વાહનચાલકોના જીવ જોખમમાં મૂકવામાં આવી રહ્યા છે. આ માટીના ઢગલાની આસપાસ ન તો કોઈ રીફ્લેક્ટર છે, ન તો કોઈ બેરીકેડ કે સાવચેતીના બોર્ડ. રાત્રિના સમયે અંધારામાં આ ઢગલા કોઈ મોટા અકસ્માતને નિમંત્રણ આપી રહ્યા છે. જો કોઈ નિર્દોષ નાગરિક આ માટીમાં સ્લિપ થઈ જાય કે ભટકાય, તો તેની જવાબદારી કોની ?

સ્થાનિક લોકોમાં રોષ છે કે આ માટી રસ્તા પર જ રાખવા પાછળ એક મોટું ગણિત છે. વાહનોની અવરજવરથી એ જ માટી ફરી ઉડીને કે સરકીને પાછી ડ્રેનેજમાં જ જતી રહે છે. શું પાલિકા જાણીજોઈને આ માટી નથી હટાવતી ? જેથી કાગળ પર કામ પતી જાય, કોન્ટ્રાક્ટરને પેમેન્ટ મળી જાય અને ગટર પાછી હતી એવી ને એવી ભરાયેલી રહે ? શું આ માત્ર નગરસેવકો અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતનો જ એક ભાગ છે ?

### વડોદરા મ્યુ. કમિશનર દ્વારા સમીક્ષા બેઠક યોજાઇ

# વિકાસકાર્યોમાં બેદરકારી દાખવતા અધિકારીઓને અલ્ટીમેટમ અપાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા શહેરના વિકાસકાર્યોની સમીક્ષા કરવા માટે આજે એક હાઈ-લેવલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં શહેરના વિવિધ ઝોનમાં ચાલી રહેલા મોટા પ્રોજેક્ટ્સ અને પાયાની સુવિધાઓના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકના અંતે કમિશનરે મીડિયાને સંબોધતા શહેરના ભાવિ આયોજન અને ચાલી રહેલા કામોની સ્થિતિ અંગે મહત્વપૂર્ણ વિગતો જાહેર કરી હતી. બેઠક દરમિયાન કમિશનરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, શહેરના વિકાસ માટે મંજૂર થયેલા પ્રોજેક્ટ્સમાં વિલંબ હવે ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે વિવિધ વિભાગના વડાઓ અને એન્જિનિયરોને તાકીદ કરી હતી કે, જે તે પ્રોજેક્ટની નિર્ધારિત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં આવે. ખાસ કરીને જે પ્રોજેક્ટ્સ લાંબા સમયથી મંથર ગતિએ ચાલી રહ્યા છે, ત્યાં માનવબળ વધારીને કામ ઝડપી બનાવવા સૂચના આપી હતી. શહેરની પ્રાથમિક સુવિધાઓ અંગે માહિતી આપતા કમિશનરે જણાવ્યું કે, "અમે હાલમાં ત્રણ મુખ્ય પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ: માર્ગ સુધારણા, સ્વચ્છતા અને પીવાના પાણીનો પુરવઠો. ચોમાસા કે અન્ય ટેકનિકલ કારણોસર બિસ્માર થયેલા રસ્તાઓના નવીનીકરણની કામગીરીમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં." વધુમાં, ડ્રેનેજ લાઈનોના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે ઝોન વાઈઝ મેપિંગ કરીને કામગીરી શરૂ કરવા આદેશ આપ્યા છે. વિકાસના કામોને કારણે નાગરિકોને પડતી મુશ્કેલીઓ અંગે સંવેદનશીલતા દાખવતા કમિશનરે ઉમેર્યું કે, ખોદકામ કે અન્ય નિર્માણ કાર્ય દરમિયાન ટ્રાફિક અને ધૂળની સમસ્યા ન સર્જાય તે માટે યોગ્ય આયોજન કરવા અધિકારીઓને કડક સૂચના અપાઈ છે. જનતાને ઓછામાં ઓછી અસુવિધા થાય તે રીતે રાત્રિના સમયે પણ કામગીરી કરવાના વિકલ્પો ચકાસવામાં આવ્યા છે. તંત્રની કાર્યક્ષમતા વધારવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. કમિશનરે જાહેરાત કરી હતી કે લોકોની ફરિયાદોના ઝડપી નિકાલ માટે હાલની મોનિટરિંગ વ્યવસ્થાને વધુ મજબૂત અને પારદર્શક બનાવવામાં આવી રહી છે. દરેક વોર્ડ ઓફિસર અને એન્જિનિયરે પોતાના વિસ્તારના પડતર પ્રશ્નોનો રિપોર્ટ સીધો કમિશનર કચેરીએ સોંપવાનો રહેશે.

### વાઘોડિયા રોડના વેપારીઓનો તંત્ર સામે મોરચો

# પાલિકાની દબાણ હટાવવાની કામગીરી કે 'ઉઘાડી લૂંટ'?

(પ્રતિનિધિ) વડોદરા તા.25



વાઘોડિયા રોડ પર આવેલા ગુરુકુળ ચાર રસ્તા પાસે ભંગારનો વ્યવસાય કરતા નાના વેપારીઓએ વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. વેપારીઓનો આરોપ છે કે કોર્પોરેશનના કર્મચારીઓ કોઈ પણ પૂર્વ નોટિસ આપ્યા વિના આવીને સામાન ઉઠાવી જાય છે અને તેની કોઈ સત્તાવાર પાવતી પણ આપવામાં આવતી નથી. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર,મહાનગરપાલિકાની ટીમ દ્વારા તેમની પાસેથી દર મહિને 500 થી 1000 રૂપિયા જેટલી રકમ વસૂલવામાં આવે છે. આ રકમ લીધા બાદ પણ ઘણીવાર પાવતી આપવામાં આવતી નથી. વેપારીઓએ વધુમાં જણાવ્યું કે, "કોર્પોરેશનની પાવતીમાં કોઈ નિશ્ચિત રકમ હોતી નથી, મન ફાવે તેટલા પૈસા વસૂલવામાં આવે છે અને જો પૈસા ન આપીએ તો ટેમ્પો ભરીને સામાન ઉઠાવી જવાની ધમકી આપવામાં આવે છે." દબાણ હટાવવાની કામગીરી અંગે વેપારીઓએ ચોંકાવનારો આક્ષેપ કરતા કહ્યું કે, કોર્પોરેશનની ટીમ જ્યારે સામાન જપ્ત કરવા આવે છે ત્યારે જે ખરેખર ભંગાર કે સડેલો સામાન હોય તેને અડતી પણ નથી. તેના બદલે, જે સામાન સારો હોય, ફરીથી વાપરી શકાય તેવો હોય અથવા ઘરવપરાશમાં કામ લાગે તેવો કિંમતી સામાન હોય તેને જ વીણી-વીણીને ગાડીમાં ભરી લેવામાં આવે છે. વેપારી મંજુબેને આક્રોશ સાથે જણાવ્યું કે, "મારો સારો સામાન જે ઘરમાં વપરાય તેવો હતો તે જ તેઓ લઈ ગયા છે, જ્યારે સડેલો સામાન ત્યાંનો ત્યાં જ રહેવા દીધો છે." વેપારીઓએ ફરિયાદ કરી છે કે પાલિકા તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની લેખિત નોટિસ આપવામાં આવતી નથી. અચાનક આવીને સામાન ભરી લેવામાં આવે છે અને વિરોધ કરવા પર તોડી પાડવાની ધમકી આપવામાં આવે છે. ગરીબ પરિવારો જે ભંગાર વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે, તેમને આ રીતે હેરાન કરવામાં આવતા હોવાથી વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# પોકસોના ગુનામાં 80 વર્ષના વૃદ્ધને ત્રણ વર્ષની સજા ફટકારાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.25

સ્ટેશનરીની દુકાને આવેલી છ વર્ષીય સગીર બાળકીના શારીરિક હડપલા કરનાર 80 વર્ષના વૃદ્ધને કોર્ટ દ્વારા ત્રણ વર્ષની સજા અને રૂપિયા 10 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉપરાંત ભોગ બનનાર સગીરાને આરોપીએ 50 હજાર વળતર પેટે ચૂકવવા પણ આદેશ કર્યો છે. વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં આવેલી મહાવીર સ્વામીની પોળમાં શારદા એપાર્ટમેન્ટમાં રહેતા અનીલભાઈ હરીવન ગૌસ્વામી (ઉ.વ.80) નિઝામપુરામાં સ્ટેશનરીની દુકાન ધરાવે છે.

ગત 17 ઓગસ્ટ 2024 ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના સુમારે તેમની મેનેજ સ્ટેશનરી નામની દુકાન પર 6 વર્ષીય સગીરા ગઈ હતી. જ્યાં સગીરા સાથે વૃદ્ધ શારીરિક અડપલા કરવા લાગ્યો હતો. વૃદ્ધની હરકત બાબતે માતાને કહેતા સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચી ગયો હતો.

### જેટિંગ મશીન દ્વારા ડિવાઈડરની સફાઇ, વૃક્ષોનું ટ્રિમિંગ અને દબાણ હટાવવાની કામગીરી તેજ કરાઇ

# માંજલપુર વિસ્તારમાં મસિયા તળાવથી તુલસીધામ સુધી માર્ગોની કાયાપલટ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા. તા.25



વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા માંજલપુરને વધુ સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે વિશેષ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. માંજલપુરના મસિયા તળાવથી લઈને તુલસીધામ ચાર રસ્તા સુધીના વ્યસ્ત મુખ્ય માર્ગ પર પાલિકા દ્વારા અત્યાધુનિક જેટિંગ મશીન ઉતારીને ડિવાઈડરોની સફાઈ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. લાંબા સમયથી જમા થયેલી ધૂળ અને ગંદકીને હાઈ-પ્રેશર વોટર જેટિંગ દ્વારા દૂર કરવામાં આવી રહી છે, જેનાથી રોડની સુંદરતામાં વધારો થયો છે. મળતી માહિતી મુજબ, આ કામગીરી માત્ર એક જ માર્ગ પૂરતી સીમિત રહેશે નહીં. પાલિકા પ્રશાસન દ્વારા વોર્ડ નંબર 16, 17, 18 અને 19 એમ ચારેય વોર્ડમાં એક પછી એક તમામ મુખ્ય અને આંતરિક માર્ગો પર આવેલા ડિવાઈડરોની સ્થિતિ તપાસી તેને સાફ કરવાનું આયોજન કરાયું છે. તંત્ર દ્વારા લેવાયેલા આ આક્રમક વલણને પગલે વિસ્તારના રહીશોમાં પણ સંતોષની લાગણી જોવા મળી રહી છે. સફાઈની સાથે સાથે ટ્રાફિક અને સલામતીને ધ્યાનમાં રાખીને રોડ-રસ્તા પર નડતરરૂપ બનતી ઝાડની ડાળીઓનું કટિંગ પણ કરવામાં આવી રહ્યું છે.

વાહનચાલકોને ડિવાઈડર કે સામેથી આવતા વાહનો જોવામાં તકલીફ ન પડે તે હેતુથી આ કામગીરી વેગીલી બનાવાઈ છે. વધુમાં, માર્ગો પર ગેરકાયદેસર રીતે ખડકાયેલા દબાણો અને લારી-ગલ્લાઓને કારણે સર્જાતી ટ્રાફિક જામની સમસ્યા નિવારવા માટે દબાણ શાખા દ્વારા કડક હાથે કામગીરી કરી રસ્તાઓ ખુલ્લા કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે અને તમામ વોર્ડના મુખ્ય જંક્શનો પર રાત્રિ દરમિયાન અથવા ટ્રાફિક ઓછો હોય તેવા સમયે આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. પાલિકાની આ સઘન કામગીરીથી માંજલપુર વિસ્તારના મુખ્ય માર્ગો હવે વધુ પહોળા અને આકર્ષક દેખાશે.

### વડોદરામાં મિશ્ર ઋતુનો મિજાજ બગડ્યો

# પ્રદૂષણથી શ્વાસ લેવો બન્યો મુશ્કેલ, સવારે હોસ્પિટલોમાં દર્દીઓનો ઘસારો

(પ્રતિનિધિ) વડોદરા. તા.25

વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં આવેલા પલટાને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. શહેરમાં વહેલી સવારે ઠંડક અને બપોરે અસહ્ય ગરમી એમ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. આ બદલાતા હવામાનની સાથે વધતા જતાં પ્રદૂષણને કારણે શહેરીજનોમાં શ્વાસ સંબંધી બીમારીઓ અને વાયરલ ઈન્ફેક્શનનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. શહેરની સૌથી મોટી સરકારી હોસ્પિટલ, સયાજી હોસ્પિટલ (SSG) ની દૈનિક ઓપીડીમાં દર્દીઓની સંખ્યામાં 7 થી 10% જેટલો વધારો નોંધાયો છે. હાલમાં સયાજી હોસ્પિટલમાં આવતા દર્દીઓમાં મુખ્યત્વે સૂકી ખાંસી અને લાંબા સમય સુધી ચાલતો કફ, ગળામાં બળતરા અને અવાજ બેસી જવાની ફરિયાદો, અસ્થમાના દર્દીઓ અને વડીલોમાં શ્વાસ લેવામાં મુશ્કેલી, તીવ્ર તાવ અને શરીરમાં કળતર જેવા લક્ષણો વાળા દર્દીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે. શહેરમાં પ્રદૂષણના સ્તરમાં થયેલા વધારાને કારણે સવારના સમયે હવામાં ભેજ અને રજકણોનું પ્રમાણ વધુ હોય છે, જેને કારણે શ્વાસના દર્દીઓની હાલત કફોડી બની રહી છે. સયાજી હોસ્પિટલમાં રોજ સવારે વહેલી સવારથી જ કેસ કઢાવવા માટે લાંબી લાઈનો જોવા મળી રહી છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાથી તેઓ આ ઋતુચક્રનો ભોગ વહેલા બની રહ્યા છે. હોસ્પિટલના તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર, વાતાવરણમાં અચાનક થતા ફેરફાર વાયરસના ફેલાવા માટે સાનુકૂળ પરિસ્થિતિ ઉભી કરે છે. પ્રદૂષિત હવા ફેફસાં પર સીધી અસર કરી રહી છે. શહેરની ખાનગી હોસ્પિટલો અને ક્લિનિક્સમાં પણ સમાન પરિસ્થિતિ જોવા મળી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા પણ લોકોને સતર્ક રહેવા અને લક્ષણો દેખાય તો તુરંત નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે. આ બાબતે સયાજી હોસ્પિટલના RMO ડૉ હિતેન્દ્ર ચૌહાણએ જણાવ્યું હતું કે શહેરમાં પ્રદૂષણની માત્ર વધી રહી છે એ આપડા માટે ચિંતાનો વિષય છે. વાતવરણ ધૂળની ડમરીઓ ઉડે છે એના રજકણો ને કારણે અને વાહનો માંથી નિકળતા ધુમાડાને કારણે હવામાં પ્રદૂષણની માત્રામાં વધારો થયો છે. આ માટે આપણે વધુ વૃક્ષો વાવવાં જોઈએ, સ્વછતા જાળવવી જોઈએ અને પ્રદૂષણ ન થાય તેનું પૂરતું ધ્યાન રાખવું જોઈએ.

### સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની દુકાનો મેળવવાની સુવર્ણ તક

# હરાજી માટે 2 લાખથી 9.60 લાખ સુધીની ડિપોઝીટ નિર્ધારિત કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.25

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉત્તર અને દક્ષિણ વિસ્તારમાં આવેલા રમતગમતના સંકુલનો વ્યાપારી હેતુ માટે ઉપયોગ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. પાલિકા હસ્તકના સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે નવનિર્મિત કુલ 48 દુકાનોને આગામી 5 વર્ષના ભાડા પટ્ટા પર આપવા માટે જાહેર હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા નાગરિકો આગામી 11 માર્ચ સુધીમાં પોતાની અરજી જમીન મિલકત અમલદારની કચેરી ખાતે જમા કરાવી શકશે. મહાનગરપાલિકા દ્વારા પારદર્શક રીતે કરવામાં આવનાર આ હરાજીમાં સામાજિક સમાનતાના ધોરણે અનામત નીતિનો પણ અમલ કરવામાં આવ્યો છે.

કુલ 48 દુકાનો પૈકી 4 દુકાનો એસસી, એસટી અને ઓબીસી કેટેગરીના અરજદારો માટે અનામત રાખવામાં આવી છે, જે અંતર્ગત નિયમોનુસાર ફાળવણી કરવામાં આવશે. બાકીની તમામ દુકાનો સામાન્ય કેટેગરી હેઠળ હરાજીમાં મૂકવામાં આવશે. પાલિકા દ્વારા આ દુકાનો માટે જે આર્થિક માળખું નક્કી કરાયું છે તે મુજબ, દરેક દુકાનની ભૌગોલિક સ્થિતિ અને કદ પ્રમાણે અલગ-અલગ અપસેટ વેલ્યુ નિર્ધારિત કરવામાં આવી છે. આ અપસેટ વેલ્યુ લઘુત્તમ રૂ. 1 લાખથી લઈને મહત્તમ રૂ. 4.80 લાખ સુધીની રાખવામાં આવી છે. હરાજીમાં ભાગ લેવા માટે અરજદારે ડિપોઝીટની રકમ જમા કરાવવી અનિવાર્ય છે, જે રૂ. 2 લાખથી શરૂ કરીને રૂ. 9.60 લાખ સુધીની રહેશે.

### વિદ્યાર્થી સંગઠન NSUI સિક્યુરિટીની વ્હારે,દેખાવો કરી સત્તાધીશોને રજૂઆત

# MSU ફરી એકવાર વિવાદમાં,બાકી પગાર મુદ્દે સિક્યુરિટી કર્મચારીઓનો ભારે વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.25



એમએસ યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં આવી, યુનિવર્સિટીમાં ફરજ બજાવતા સિક્યુરિટી કર્મચારીઓને અગાઉ ત્રણ દિવસની બાંહેધરી આપવામાં આવી હોવા છતાં ગયા મહિનાનો પગાર સમયસર ચૂકવાયો નહોતો. પગાર બાકી રહેતા કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો હતો. ત્યારે, વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ સિક્યુરિટી કર્મચારીઓની વ્હારે આવ્યું હતું. આગેવાનોએ સિક્યુરિટી કર્મચારીઓને સાથે રાખી તેઓના બાકી પગાર મુદ્દે વિરોધ નોંધાવી યુનિવર્સીટીના રજિસ્ટ્રારને રજૂઆત કરી હતી. એમએસયુના સિક્યુરિટી કર્મચારીઓને ગયા મહિનાનો પગાર ન મળતા કર્મચારીઓએ પોતાના પરિવારની પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત રહ્યા હોવાની વ્યથા વ્યક્ત કરી હતી. કર્મચારીઓએ જ્યારે પણ પગાર મુદ્દે રજૂઆત કરતા હતા. ત્યારે, તેમને કાલે થઈ જશે અથવા બે દિવસમાં થઈ જશે જેવા જવાબો આપી સમય પસાર કરવામાં આવતો હતો. પરંતુ, હકીકતમાં કોઈ નિરાકરણ આવ્યું નહોતું, આ મુદ્દે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના કાર્યકર્તાઓ દ્વારા સિક્યુરિટી કર્મચારીઓ સાથે હેડ ઓફિસ ખાતે પહોંચ્યા હતા અને પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ લાવવા રજિસ્ટ્રાર સમક્ષ રજૂઆત કરી હતી. રજિસ્ટ્રાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, યુનિવર્સિટી દ્વારા પગારની રકમ એજન્સીને ચૂકવી દેવામાં આવી હતી. પરંતુ એજન્સી દ્વારા કર્મચારીઓને પગાર કરવામાં આવ્યો નહોતો. બીજી બાજુ, એજન્સીના વડા દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે, યુનિવર્સિટી તરફથી હજી સુધી સંપૂર્ણ ચુકવણી કરવામાં આવી નહોતી. આ પરસ્પર વિસંગત નિવેદનોને કારણે સિક્યુરિટી કર્મચારીઓમાં વધુ અસંતોષ ફેલાયો હતો. સંતોષકારક જવાબ ન મળતા કર્મચારીઓએ ચીમકી આપી હતી કે, જો તાત્કાલિક બાકી પગાર ચૂકવવામાં નહીં આવે તો તેઓ પોલીસ મથક ખાતે હવે એજન્સી વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવશે.